સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં અંદાજપત્રીય જોગવાઇમાંથી ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન(ગેમી)ને એપ્રિલ-૨૦૨૫ થી જુન-૨૦૨૫ સુધીની ગ્રાન્ટ ફાળવણી બાબત.

માંગણી નં. ૨૭ મુખ્ય સદરઃ ૨૨૧૫

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2024/2333/E
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૨/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2024/2333/E

(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૨/૦૪/૨૦૨૫નો IFMS હેઠળ ગ્રાન્ટ રીલીઝ ઓર્ડર

**આમુખ:**

સંદર્ભ(૧)ના તા. ૦૨/૦૪/૨૦૨૫ના ઠરાવથી ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), ગાંધીનગર માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ સને ૨૦૨૫-૨૬ના ચાલુ બાબતના રૂ. ૮,૪૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા આઠ કરોડ સુડતાળીસ લાખ પુરા)ની જોગવાઇ અન્વયે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

**ઠરાવ:**

સંદર્ભ (૨)ના તા. ૦૨/૦૪/૨૦૨૫ના ઠરાવથી વિભાગની બજેટ શાખા દ્વારા ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), ગાંધીનગર માટે એપ્રિલ-૨૦૨૫થી જુન-૨૦૨૫ સુધીના સમયગાળા માટે રૂ. ૨,૧૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે કરોડ બાર લાખ પુરા)ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), ગાંધીનગરને એપ્રિલ-૨૦૨૫ થી જુન-૨૦૨૫ સુધીના ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૨,૧૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે કરોડ બાર લાખ પુરા)ની સહાયક અનુદાનની રકમ આથી ફાળવવામાં આવે છે. જે અંગેનો ખર્ચ નીચેની શરતોને આધિન કરવાનો રહેશે.

**શરતો:**

1. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
8. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
12. **C.M Dashboard** સાથે યોજના **Link** કરવાની રહેશે.
13. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.
16. **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
17. દરેક ત્રિમાસિક ગાળાને અંતે ખર્ચની વિગતો અચૂકપણે વહીવટી વિભાગને રજૂ કરવાની રહેશે
18. નાણા વિભાગના તા. ૦૧/૦૪/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક: **FD/MSM/e-file/4/2025/0714/Budget – K**ની સૂચનાઓનું

પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠળના બજેટ સદરે ૨૦૨૫-૨૬ના વર્ષમાં કરેલ બજેટ જોગવાઈમાંથી ઉધારવાનું રહેશે. તેમજ આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠળના બજેટ સદરે ઉધારવાનું રહેશે.

માંગણી- ૨૭
સેક્ટર - (ખ) સામાજિક સેવાઓ
પેટા સેક્ટર- (ગ) પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસ અને શહેરી વિકાસ
મુખ્ય સદર- ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા
પેટા મુખ્ય સદર -૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા
ગૌણ સદર- ૧૦૬ વાયુ અને જળપ્રદુષણ નિવારણ
પેટા સદર- ૦૨ ઈપીસી-૭ ગુજરાત એનવાયરમેન્ટ મેનેજમેન્ટ ગેમી ની પ્રવૃત્તિઓ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી), ગેમી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રેસકોર્સ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોકડ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર.
- નાણા વિભાગ, ક શાખા, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની બજેટ શાખા
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકરીની સિલેક્ટ ફાઈલ
- આઈ ટી સેલ તરફ અપલોડ કરવા સારૂ.